# ગુજરાતી આર્ય એસોસિએશન - લેસ્ટર

# Gujarati Arya Association - Leicester

*Charity Registration No. 515332*

*49 HILDYARD ROAD LEICESTER - LE4 5GG - TEL : 0116 266 8967*



**President:**
ચીમનભાઈ બી. ચાંપાનેરીઆ
Chimanbhai B. Champaneria
1 Wavertree Drive
Leicester LE4 7NX
Tel: 0116 221 8436

**Secretary:**
મુકેશભાઈ સી. બલસારા
Mukeshbhai C. Bulsara
56 Englefield Road
Leicester LE5 6PG
Tel : 0116 241 2303


ॐ ॐ

## આર્ય પત્રિકા - Arya Patrika


Issue No. 244 WWW. gaa-leicester.com APRIL 2011


માનવંતા જ્ઞાતિભાઈ, બહેનો, બાળકો તેમજ દરેક શેરહોલ્ડરો, સાદર નમસ્તે.
વિશેષ સમાજની પ્રવૃત્તિઓની માહીતી સાથે, આ પત્રિકા દ્વારા મળતાં આનંદ થાય છે.

બિલ્ડિંગ પ્રોજેક્ટનો ઓલ્ટરેશન પ્લાન આ સાથે રજુ કર્યો છે. તે પ્રમાણે પ્લાનીંગ પરમીશન મળવાની તૈયારીમાં છે. એ મળેથી અંદરનું ઓલ્ટરેશન કામ શરૂ થશે. તેમજ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ઓલ્ટરેશન થશે. ફંડની જોગવાઈ પ્રમાણે, બે-ત્રણ તબક્કાવાર કાર્ય કરવામાં આવશે. આ દર્શાવેલ પ્લાનમાં આપના વિચારો-સજેશનો અને ફેરફારો દર્શાવો. ટેકનીકલી કાઉન્સિલની જરૂરિયાત અને હેલ્થ એન્ડ સેફ્ટીનાં નિયમોનું ધ્યાન રાખીને આ પ્લાન તૈયાર કર્યો છે. સાથે સાથે ફંડ ઉઘરાવાનું પણ શરૂ કર્યુ છે. કાર્યકર્તાઓ આપને ત્યાં આવશે. તેઓને ફંડ માટે, શેર લેવા માટે ઉમદા સાથ આપી સમાજને મકાનના દેવા માંથી મુકત કરવા આપ સૌને નમ્ર વિનંતી છે.

**<u>બિલ્ડિંગ પ્રોજેક્ટઃ ડોનેશન સ્કીમઃ</u>**

સમાજના નવા બિલ્ડિંગ પ્રોજેક્ટ માટે નીચે મુજબ ડોનેશન આપી સમાજને મદદ કરવા નમ્ર અપીલ છે.
અત્યારે બેંક લોન માટે વ્યાજ સાથે દર મહીને £2413 નો હપ્તો ભરવાનો શરૂ થઈ ગયો છે. સાથે સાથે બિલ્ડિંગ ઓલ્ટરેશન ખર્ચને પણ પોંચી વળવું જરૂરી છે.બેંકનુ દેવું અને વ્યાજનો બોજો હળવો બનાવવા, જ્ઞાતિભાઈ, બહેનો ને ખાસ ડોનેશન આપવા ભાર પૂર્વક નમ્ર વિનંતી છે.
છેલ્લી જનરલ સભા એ પણ નીચે મુજબ ડોનશન સ્કીમ રજુ કરી ફંડ ઉઘરાવાનું તાબડતોબ શરૂ કરવાનું નક્કી કરેલ છે.

**<u>શેર સ્કીમઃ</u>**

મકાન ફંડ માટે શેર સ્કીમ ફરીથી રજુ કરી છે. જેથી જ્ઞાતિભાઈ - બહેનોને વિનંતી છે.કે, બને એટલા વધુ શેર લઈ, મંડળને મકાનના દેવા માંથી મુકત કરવા વિનંતી છે. £500 એક a share પ્રમાણે બને એટલા વધુ શેર લઈ મદદ કરો. શેર સ્કીમ ફકત જ્ઞાતિજનો માટે જ છે.
હોલ ભાડે રાખે ત્યારે શેર હોલ્ડરને સૌથી વધુ ડીસ્કાઉન્ટ મળે છે. અને જ્ઞાતિ સભ્ય તરીકે એનાથી ઓછુ ડીસ્કાઉન્ટ મળે છે. એમાંજ તમારા શેરનાં પૈસા ધીમે ધીમે વસુલ થશે. તેમજ વખત જતાં ડીવીડન્ડ નો લાભ તેમજ સમાજનાં મકાનમાં તમો એક ભાગીદાર ગણાશો. જેથી બિલ્ડિંગ પ્રોજકટનાં લાભાર્થે શેર લેવાનો ખાસ આગ્રહ રાખો.

**<u>£1000 પૌંડ ડોનેશન આપી હોલમાં ફોટો મુકાવો.</u>**

અગાઉની સ્કીમ પ્રમાણે મકાન ફડંના લાભાર્થે, તમારા માતા-પિતા અથવા સ્નેહીજનોની યાદ માટે £1000 ડોનેશન આપી હોલમાં ફોટો મુકાવવા વિનંતી છે.

૩. **<u>પ્રાઈવેટ લોન.</u>**

અગાઉ પ્રમાણે પ્રાઈવેટ લોનની સ્કીમ ફરીથી રજુ કરીએ છીએ. અગાઉ ઘણાં ભાઈઓએ પ્રાઈવેટ લોન આપી દેવું ભરવામાં મદદ કરી હતી. અને એ દરેકની લોન વખતસર પરત પણ કરી દીધી હતી. જેઓ લોન આપશે એઓને બેંકના ચાલુ વ્યાજનાં દર પ્રમાણે વ્યાજ સાથે લોન પરત કરવામાં આવશે. અત્યારે તમારી લોનના પૈસા દેવા પેટે ભરાતા મંડળને ભરવા પડતા વ્યાજમાં ફાયદો થશે અને તમને પણ ચાલુ વ્યાજ મળશે. સંસ્થાની સગવડે. ઓછા સમય બાદ તમારી લોન પરત કરીશું. ગઈ વખતે મુદત પુરી થવા પહેલાં લોન પરત કરેલ હતી.

૪. **£500 ડોનેશન ઘર દીઠ આપોઃ**

લેસ્ટર ખાતે આપણાં સમાજનાં ૯૦૦ થી વધારે ઘરો છે. દરેક એક ઘર દીઠ £500 ડોનેશન મળે તો આપણું બેંકનું દેવું કાલે ભરપાઈ થઈ શકે એમ છે. જેથી જ્ઞાતિજનો ને આ સ્કીમ માટે પણ વિચાર કરી ઉદારતા પુર્વક દાન આપવા નમ્ર વિનંતી છે.

તા. ૨૮.૩.૨૦૧૦ નાં રોજ કમિટિ સ્નેહ સંમેલન હતું તેમાં આશરે ૩૫ હજાર શેર અને ડોનેશન માટે નોંધાયા છે. જેનું લીસ્ટ આ સાથે સામેલ છે.

૫. **સ્ટેજ માટેઃ કીચન માટે ડોનેશનઃ**

બંને હોલમાં કીચનની સગવડ કરવા પડશે જેથી કીચન માટે તેમજ ગેસનાં ચુલા માટે મોટી રકમની જરૂરીઆત પડશે તો દાનદાતાને વિનંતી છે કે, આ કામ માટે તમારી ઉમદા રકમ લખાવી યાદગીરી રાખો.
તેમજ મેઈન હોલમાં સ્ટેજ ખસેડવા પડશે અથવા ઓલ્ટર કરવા પડશે તે માટે પણ મોટી રકમનાં દાનદાતાની આશા રાખીએ છીએ. તેમજ કરટન - કારપેટની પણ જરૂર જણાંશે.આ બાબતે ડોનેશન માટે અપીલ કરીએ છીએ. જે માટે આપની ઉદારતા નોંધાવો.

૬. **ખુરશી, ટેબલ તેમજ ઓલ્ટરેશન ખર્ચ માટે. સહાય કરોઃ**

બંને હોલ માટે ખુરશી ટેબલની ખાસ જરૂર જણાશે જેથી ડાઈનીંગ ટેબલ રાઉન્ડ લાવવાના છે. તેમજ કુશનવાળી ખુરશીઓની સગવડ કરવાનાં છે. જેથી એનાં માટે પણ ડોનેશન લખાવા વિનંતી છે.

૭. નવા બિલ્ડિંગના કાર પાર્કની મરામત માટે પણ ખર્ચો થશે ઉપરાંત બંને હોલમાં ઓલ્ટરેશનનો પણ મોટો ખર્ચ થશે. જેથી જ્ઞાતિજનોને નમ્ર અપીલ છે કે આ દરેક ખર્ચાઓને પોંચી વળવા ઉમદા રકમ આપી દાનની ગંગા વહાવો.

એરિયા પ્રમાણે કમિટિ સભ્યો તમારે ઘરે દાન ઉઘરાવા ટુંક સમયમાં આવશે. એઓને આપનો સાથ મળે અને દરેક ઘરેથી શેર અને ડોનેશન મળે એવી ઉમદા આશા રાખીએ છીએ.

કમિટિએ ઘણી મહેનતથી મોટી સગવડવાળો હોલ બનાવવા હામ ભીડી છે. તો તમારે નાણાંકીય સહાય કરી જ્ઞાતિને સહાય કરવાની ફરજ અદા કરશો એવી નમ્ર વિનંતી છે.

**નવા બિલ્ડિંગ નાં ગ્રાઉન્ડફલોર પર જરૂરી ઓલ્ટરેશન કરવાનો નિર્ણયઃ**

ઓલ્ટરેશન કાર્યના પ્રથમ તબક્કે કમિટિએ ગ્રાઉન્ડફલોર પર જરૂરી ઓલ્ટરેશન કાર્ય શરૂ કરવાનો નિર્ણય કરી નીચેનો હોલ વપરાશમાં લઈ શકાય તેવો બનાવવામાં આવશે. હેલ્થ-સેફટી અને પ્લાનીંગ રેગ્યુલેશનને ધ્યાનમાં લઈ બધું કામ કરાવવામાં આવશે.
સર્વપ્રથમ આ નીચેના ફલોરમાં હીટીંગ સીસ્ટમ, નવું વાયરીંગ, નવું સીલીંગ, નવું કીચન, અને બંને હોલમાં અંદરથી આવવા- જવા માટે મેઈન હોલની લોબી તરફથી કોરી ડોર બનાવવા નો નિર્ણય લેવોયો છે.

તેમજ કાર કારપાર્કની નવી ફેન્સ અને સાફ સફાઈ હાથ ધરવામાં આવશે. તેમજ નવી ટોયલેટનો સમાવેશ થશે.
ઉપર મુજબ સંપુર્ણ વ્યવસ્થા પુરી થશે ત્યારબાદ આ હોલની ભવ્ય ઓપનીંગ સેરેમની અને હવન પ્રોગ્રામ નો જાહેર કાર્યક્રમ રાખવાના છે. આ હોલની ઓપનીંગ માટે સૌથી મોટી રકમ આપનાર દાનદાતા પાસે ઓપનીંગ કરાવવામાં આવશે. ઓપનીંગ માટે પાંચ હજાર પૌંડથી વધુ રકમનાં દાનદાતાની અપેક્ષા રાખીએ છીએ. જેથી દાનદાતા ને આ કાર્યનો લાભ લેવા તમારા દાનની રકમની જાણ કરવા વિનંતી છે.આ ભવ્ય પ્રોગ્રામ અંગે આગામી પત્રિકામાં વિસ્તારથી જણાવવામાં આવશે.

**નોંધઃ**

નવા હોલમાં અને મેઈન હોલમાં ટેકનીકલી ઓલ્ટરેશન માટે સજેશનો અને અનુભવી ટેકનીક ની જરૂર છે.જ્ઞાતિના યુવાન આર્કીટેક અને સ્કીલ મેમ્બરોને કમિટિનો સંપર્ક કરવા વિનંતી છે.જેથી તેઓનો અભિપ્રાય, પ્લાનીંગ માટે લઈ, એમની સેવાનો લાભ લઈ શકીએ.

**સ્પેકટ્રમ ફોટો સ્ટુડીઓઝ (શ્રી ઉમેદભાઈ ને) ધન્યવાદ આભારઃ**

ગત્ દિવાળી પ્રોગ્રામ અને નવરાત્રિ પ્રોગ્રામમાં ૫.૦૦ પાઉન્ડ લેખે ફોટો પાડેલા. તેનાં ૨૭૫.૦૦ પાઉન્ડ કુલ ભેગા થયા હતા. આ રકમ મંડળને એમના વતિ મકાન ફંડ માટે ભેટ મળી છે. એમનો ખુબ ખુબ આભાર.

Spectrum Photos ( Shri Umedbhai)
Thank you for their generious donation for our Building Project.

Last diwali programme Spectrum Photos took £5 each photographs. He raised £275 for our Buildding Project. Thank you very much Shri Umedbhai and your brother & wife.

# 49 - 97 HILDYARD ROAD, LEICESTER – OUR BUILDING PROJECT

WE, AS THE TRUSTEES AND THE COMMITTEE HAVE PLEASURE IN INFORMING ALL OUR COMMUNITY MEMBERS THAT THE PROCESS OF PURCHASING THE NEXT DOOR BUILDING AT 97 HILDYARD ROAD, LEICESTER HAS BEEN COMPLETED ON 30TH MARCH 2010.

OVER THE PAST SO MANY YEARS THERE HAS BEEN A GROWING DEMAND FOR BUYING AN ADJACENT PROPERTY AND INCREASING THE SIZE OF THE HALL.

WE HAD PREVIOUSLY TRIED UNSUCCESSFULLY TO PURCHASE THE ADJACENT B.U. PROPERTY BUT THIS DID NOT COME TO FRUITION.

THEN AT THE BEGINNING OF OCTOBER 2009 THIS TWO STOREY FREEHOLD BUILDING OF APPROXIMATELY 10,000 SQ FT CAME ON THE MARKET. THE TRUSTEES AND MANAGEMENT COMMITTEE MET URGENTLY AND COMMENCED NEGOTIATIONS TO PURCHASE IT. THE ACTUAL APPROVAL OF PURCHASING THIS BUILDING WAS PROPERLY EXPLAINED AT THE EXTRAORDINARY GENERAL MEETING AT OUR HALL ON 8TH NOVEMBER 2009. THE PROPERTY WAS LEFT OPEN FOR VIEWING FOR ALL THE MEMBERS PRESENT. AT THE MEETING IT WAS UNANIMOUSLY APPROVED THAT THE PROPERTY BE PURCHASED AT AGREED PRICE £595,000 SUBJECT TO PLANNING APPROVAL AND AFTER CARRYING OUT ALL THE NECESSARY SEARCHES, STRUCTURAL AND PROPERTY SURVEYS. THE MEMBERS PRESENT UNANIMOUSLY APPROVED ALL THE EXPENDITURE INCLUDING THE COSTS OF ALL SURVEYS AND LEGAL AND PROFESSIONAL EXPENSES.

AFTER CARRYING OUT ALL DUE DILIGENCE THE PURCHASE HAS BEEN COMPLETED ON OBTAINING A 20 YEAR NATWEST BANK LOAN OF £416,500. BALANCE OF THE COST INCLUDING ALL THE LEGAL AND PROFESSIONAL COSTS CAME FROM THE ASSOCIATION'S SAVINGS. OUR PRESENT MONTHLY REPAYMENT ON THE LOAN IS £2,413.

THE TRUSTEES AND THE MANAGEMENT COMMITTEE AGREED THAT APPROXIMATELY £70,000 TO £80,000 OF THE REMAINING SAVINGS BE RETAINED FOR THE IMMEDIATE IMPROVEMENTS.

THE COMMITTEE HAVE AGREED THAT IN ORDER TO MAKE THE NEXT DOOR INTO A VIABLE COMMUNITY CENTRE WE IMMEDIATELY NEED TO CONVERT THE DOWNSTAIRS OF NEW BUILDING FOR USE AS DINING HALL. THE FIRST FLOOR OF THE BUILDING IS AT PRESENT LET TO A MANUFACTURING COMPANY UNTIL END OF DECEMBER. WE WISH TO CONVERT THE UPSTAIRS AS A CLUB AND SPORTS HALL AT A LATER STAGE.

FOR THE EFFECTIVE USE OF OUR FACILITIES WE ALSO NEED TO INCREASE THE SIZE OF THE EXISTING 49 HILDYARD ROAD PROPERTY BY REMOVING SOME OF THE WALLS AND CONVERTING IT INTO AN APPROX. 800 PERSON CAPACITY PRESTIGIOUS HALL WITH THE DINING HALL FACILITIES NEXT DOOR IN 97 HILDYARD ROAD. WE NEED TO PURCHASE NEW ROUND TABLES AND PADDED CHAIRS TO FURNISH THE CENTRE.

## NEW BUILDING FUND RAISING SCHEMES

YOUR COMMITTEE AND TRUSTEES CARRY A HEAVY LOAD OF DEBT OF THE ASSOCIATION, AND IT BECOMES A MORAL DUTY OF OUR NEARLY 900 FAMILY STRONG COMMUNITY IN LEICESTER TO REDUCE THIS DEBT AS SOON AS POSSIBLE.

WE HAVE AFTER A LOT OF DISCUSSIONS COME TO PROPOSE THE FOLLOWING SCHEMES TO RAISE THE FUNDS TO PAY FOR THE PROPERTY IMPROVEMENTS AND REDUCE THE BANK BORROWING.

• G.A.A. (LEICESTER) LTD SHARE SCHEME - THIS COMPANY HAD BEEN SET UP IN MARCH 1992 SPECIFICALLY FOR A RESTRICTED SHARE ISSUE TO OUR COMMUNITY. WE HAD RAISED OVER £200,000 IN THE PREVIOUS SHARE ISSUE TO PURCHASE 49 HILDYARD ROAD. THE COMPANY HAS LOANED THIS MONEY TO THE ASSOCIATION IN RETURN FOR SECURITY ON ITS ASSETS. WE HAVE ONCE MORE OPENED THE SCHEME TO ISSUE FURTHER 'A' SHARES OF £500 EACH. NO 'B' SHARES ARE TO BE ISSUED THIS TIME.

ALL 'A' SHAREHOLDERS RECEIVE VERY ATTRACTIVE HIGHEST AMOUNT OF DISCOUNT ON HALL HIRE RATES. IN THE PAST WE HAVE ALSO PAID DIVIDENDS TO ALL SHAREHOLDERS, AND IN FUTURE IT IS INTENDED TO DO SO SUBJECT TO FINANCE AVAILABILITY. AT A COMMITTEE AND VOLUNTEER GATHERING ON 28TH MARCH 2010, WE HAVE ALREADY BEEN PLEDGED PURCHASE OF SHARES WORTH£30,000.PLEASE CONTACT THE TRUSTEES OR EXECUTIVE COMMITTEE TO PURCHASE YOUR SHARES AND BE A PART OF THIS COMPANY. OUR AIM IS TO OBTAIN MAXIMUM FUNDING THROUGH SHARE ISSUE AND LOOK FORWARD TOYOURWHOLEHEARTED SUPPORT.

• IF YOU DONATE £1,000 THEN A PHOTO DEDICATED TO YOU OR YOUR RELATIVES WILL BE DISPLAYED IN THE HALL.

• WE ALSO NEED LUMP SUM DONATIONS OF £500 FROM AS MANY FAMILIES AS POSSIBLE.

• WE WILL ALSO HAVE DONATION SCHEME TOWARDS THE PURCHASE OF TABLES, CHAIRS AND FOR THE VARIOUS EQUIPMENT AND CONSTRUCTION OF NEW STAGE.

• LUMP SUM LOANS FROM OUR COMMUNITY MEMBERS TO SAVE ON INTEREST PAID TO THE BANK. INTEREST ON LOAN AT MARKET SAVINGS RATE WILL BE PAID TO ALL LENDERS AND THE CAPITAL AND INTEREST WILL BE REPAID AT THE EARLIEST CONVENIENCE.

• OUR URGENT REQUIREMENT IS TO REFURBISH THE GROUND FLOOR WHICH WILL INVOLVE INSTALLING A NEW HEATING AND ELECTRICAL SYSTEM, REWIRING, PUTTING A NEW CEILING, LIGHTING AND BUILDING A NEW FULLY FITTED KITCHEN, NEW TOILETS, MAKING A STORE AND A BOOKING OFFICE. AS SOON AS THIS MAJOR WORK IS COMPLETED WE WILL BE HOLDING AN OPENING CEREMONY OF THE HALL AND ANYONE MAKING DONATION OF £5.000 OR MORE WILL HAVE PRIVILEGE OF PERFORMING THAT CEREMONY AND BE THE CHIEF GUEST OF THE DAY.

CONSIDERING THAT WE HAVE SUCH A LARGE POPULATION IN LEICESTER AND SURROUNDING AREAS, LET US ALL JOIN HANDS TOGETHER AND RAISE SUFFICIENT FUNDS TO CLEAR THE BANK BORROWING AND PAY FOR THE SMART REFURBISHING THE HALL. LET US MAKE OUR TWO SUBSTANTIAL PROPERTIES INTO A PRESTIGIOUS COMMUNITY CENTRE THAT EVERY ONE WOULD LOVE TO HIRE FOR THEIR WEDDINGS AND FUNCTIONS.

OUR COMMITTEE MEMBERS WILL ALSO BE CONTACTING YOU SHORTLY TO CALL FOR YOUR TOTAL FINANCIAL SUPPORT.

IF THERE ARE SKILLED ARCHITECTS OR BUILDING CONSULTANTS WE WOULD WELCOME THEIR IDEAS ON REFURBISHMENTS. YOUR VALUABLE CONTRIBUTIONS WILL BE MOST WELCOME.

VOTE OF THANKS GOES TO ALL THE TRUSTEES, MANAGEMENT COMMITTEE MEMBERS, VOLUNTEERS, DONORS AND SHAREHOLDERS FOR MAKING THE PURCHASE OF THIS HALL A SUCCESS.

**સમાજનાં હોલનો નવો પ્લાન આ સાથે સામેલ છે.: ઉદારતાથી દાન આપો:**

આ પત્રિકા સાથે હોલનો નવો પ્લાન ઓલ્ટરેશન માટે તૈયાર થયો છે. જે સામેલ છે. સૌને વિનંતી છે કે એનું ઝીણવટથી નિરીક્ષણ કરો. અને યથા યોગ્ય સજેશનો, સુચનાઓ જણાવો. પ્લાનીંગ પરમીશનનાં નિયમોને આધિન, હેલ્થ અને સેફટી ફાયર રેગ્યુલેશનનો સંપૂર્ણ ખ્યાલ રાખીને પ્લાન તૈયાર કર્યો છે. આશા રાખીએ છીએ કે આપ સૌને ગમશે. ઓલ્ટરેશન ખર્ચને પોંચી વળવા આપ સૌની પાસે ડોનેશનની અપેક્ષા રાખીએ છીએ. કાર્યકર્તાઓ ટુંક સમયમાં દરેક ઘરે મકાન ફંડ ઉઘરાવા આવશે, આપ સૌ ઉદારતાથી એમને દાન માટે સાથ આપજો, ડોનેશન સ્કીમ પ્રમાણે દરેકને વિનંતી છે કે, બને એટલા વધુ શેર લો, અને એના વધુ લાભો મેળવો. ફંડ ઉઘરાવનાર દરેક સભ્યો આપને બધી રીતે સમજ આપશે અને તમારે ડોનેશન અથવા શેર લેવાનો નિર્ણય કરવાનો છે. જેથી આશા રાખીએ છીએકે આપણે સૌ સાથે મળીને સમાજને મકાનના દેવામાંથી મુકત કરીએ.

**કલબનો ઉપયોગ જેમ બને તેમ વધુ કરી સમાજને લાભ આપો:**

હોલમાં બારફેસીલીટીની સુવિધા ઉપલબ્ધ કરેલી છે. પણ આપણાં સભ્યો એનો લાભ જોઈએ એટલા પ્રમાણમાં લેતા નથી. બીજા બધા પબ અને કલબ કરતાં આપણાં પબમાં દરેક ડ્રીંક હંમેશા ડીસ્કાઉન્ટ પ્રાઈઝમાં રાખીએ છીએ તે છતાં એનો લાભ મોટા પ્રમાણમાં કોઈ લેતુ નથી. અત્યારે નવા ફેરફરો સાથે નવી વ્યવસ્થા આણી છે. જેથી સૌને નમ્ર વિનંતી છે કે, આપ સૌ આપના મિત્રો, વડિલો, સ્નેહીઓ સાથે આવો અને સમાજની આવી સુવિધાનો લાભ લઈ સમાજને એક રીતે સાથ આપો. અત્યારે દરેક ડ્રીંક માટે ડીસ્કાઉન્ટ પ્રાઈઝ રાખી છે. એ બાબત ઈન્ટરનેટ પર પણ જણાવેલ છે. જેથી વેબસાઈટની પણ મુલાકાત લઈ વધુ જાણકારી મેળવો.

**જી. એ. એ. વાઈસ:**

કમિટીની પરવાનગીથી જી. એ. એ. વાઈસ નામે એક વોલેન્ટરી ટીમની રચના કરી છે. જે ટીમ નવી નવી પ્રવૃત્તિઓ સમાજના લાભાર્થે શરૂ કરવાની છે. જેને માટે વધુ જાણકારી માટે આ સાથે સામેલ લીફલેટ જુઓ અને ધ્યાનથી વાંચો સમજો અને ભાગ લ્યો.

**બારમુ - તેરમું અથવા ખીચડી માટે હોલનું બુકીંગ:**

બારમુ - તેરમુ અથવા ખીચડી માટે જ્ઞાતિ ભાઈઓને આપણે હોલ વાપરવા માટે આપીએ છીએ તેનું ભાડુ ૧૦૧ પૌંડ રાખેલ છે. તેની નોંધ લેશો. આ માટે વધુમાં વધુ ચાર કલાકનો સમય આપીએ છીએ અને હોલ ખાલી હોય ત્યારેજ આ લાભ મળી શકશે જેની નોંધ લેશો. બારમુ - તેરમુ અથવા ખીચડી પૈકી કોઈ એક વખતજ આ સુવિધા મળશે.

**મહીનામાં એકવાર વૃધ્ધજનો માટે મેળાવડો:**

વૃધ્ધજનો - (પેન્શનરો) માટે મહીનામાં એકવાર સમૂહ મેળાવડો યોજવાનું કમિટિ વિચારી રહી છે. જેમાં વૃધ્ધજનો માટે એક આખા દિવસનો ભરચક કાર્યક્રમનું આયોજન કરવું દા. ત. ભોજનની વ્યવસ્થા સાથે નવી પ્રવૃત્તિઓ જેવી કે કાર્ડકલબ, સામાજિક અને ધાર્મિક વાર્તાલાપ ડી.વી.ડી. ફિલ્મ, લાયબ્રેરી, હેલ્થ સેમીનાર, એડવાઈઝ સેંટર, લેઝર, અંગકસરતો વિ - પ્રવૃત્તિઓથી એઓનો સમય પસાર થાય જેનાં લઈને વૃધ્ધજનોના મનને સાંત્વતા મળે, એકલતા માટે રાહત મળે - અને એક કુંટુંબ જેવું વાતાવરણ આપી શકીએ. જેથી મોટી ઉંમરના દરેક વડિલોને વિનંતી છે કે, આપણાં સમાજની આવી પ્રવૃત્તિમાં જોડાવાની તૈયારી રાખી. તમારા નામો મંડળને વેળાસર જણાવો. યોગ્ય સંખ્યામાં નામો મળશે તો કમિટિ વેળાસર આ પ્રવૃત્તિ ચલાવવા વિચારે છે. ભોજન દાન તેમજ બીજું ડોનેશન મળશે તો શરૂઆતમાં આ પ્રવૃત્તિ માનદ રીતે શરૂ કરીશું.

**શ્રી પ્રકાશ નવીનભાઈ રાઠોડનો આભાર અને ધન્યવાદ**

સ્વ. નવીનભાઈ નારણભાઈ રાઠોડનાં ચિ. પ્રકાશભાઈ પોતાની આવડત અને કુનેહ વડે સમાજના કામ માટે એમની મફત સેવા મળી છે. તે બદલ મંડળ વતિ એમનો આભાર. શ્રી પ્રકાશભાઈ એક પ્રોફેશનલ ગ્રાફીક ડીઝાઈનર, આર્ટીશ અને પ્રિન્ટર છે. એમણે નવા કારપાર્ક માટે સાઈન બોર્ડ મફત બનાવી આપ્યા છે. આ જે હોલનો પ્લાન જુઓ છો એને લેમીનેટ કરી, કલરમાં લાર્જ કોપી કરવાની મફત સેવા મંડળને આપી છે. જે બદલ મંડળ વતિ ફરી એમનો આભાર. એઓ Prestige Colour Solutions Limitd નાં ડીરેકટર છે. Sr. Mathews Business Centre, Unit 14 Gower Street, Leicester. LE1 3LJ. Tel: 0116 251 3232, Email: prestige .cs@btconnect.com.

**મહાસભા દિવાળી પ્રોગામ: રવિવાર તા. ૧૩.૧૧.૨૦૧૧, રામગઢીયા હોલ-લેસ્ટર**

રવિવાર તા. ૧૩.૧૧.૨૦૧૧ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યાથી મહાસભા દિવાળી પ્રોગ્રામ રામગઢીયા હોલ-લેસ્ટર મુકામે રાખવામાં આવેલ છે. વધુ વિગત માટે મહાસભાની પત્રિકા થોડા સમયમાં મળશે. આ પ્રોગ્રામની ટીકીટો નવરાત્રિ દરમ્યાન વેચવામાં આવશે.

**નવા હોલનો પહેલો માળ (1st Foor) ભાડે આપવાનો છે.**

નવા હોલનો ઉપરનો ફલોર ભાડે આપ્યો હતો. તે ફલોર હવે ખાલી થયો છે. જો કોઈને આ ફલોર ફેકટરી યુનીટ તરીકે થોડા સમય માટે ભાડે જોઈતો હોય તો મળશે. એ માટે વધુ વિગત માટે સંપર્ક કરો. તમને અથવા તમારા બીજા કોઈ મિત્રને ફેકટરી યુનીટ ભાડે જોઈતું હોયતો આપ એની પબ્લીસીટી કરશો.

**ડીરેકટરી અપ ડેઈટ કરીએ છીએ તમારી વિગતો જણાવોઃ**

શ્રી નરેન્દ્રભાઈ જી. સુરતી, આપણી ડીરેકટરી અપ ડેઈટ કરવાની જવાબદારી સંભાળે છે. જો તમારૂ સરનામુ બદલાયુ હોય તો વેળાસર એમને જાણ કરો. સરનામુ સાથે તમારા પત્નીનું નામ અને ઈ. મેઈલ એડ્રેસ હોયતો તે તથા ફોનનંબર / મોબાઈલનંબર પણ જણાવો. શ્રી નરેન્દ્રભાઈનો સંપર્ક નીચે મુજબ કરો.

Mr. Narendra G. Surti, 40 Brambling Way, Oadby, Leicester. LE2 5PA Tel: 0116 212 2032, Email: narendrasurti@hotmail.com.

Jag Construction (Leicester) Limited **નો આભાર**

નવા બિલ્ડિંગ પ્રોજેકટના પ્લાન બે પેજમાં અહીં રજુ કર્યો છે. આ બે પેજનો કલરમાં પ્રિન્ટીંગ કોસ્ટ, શ્રી જગદીશભાઈ આર. ચાંપાનેરી Jag Construction (Leicester) Limited તરફથી મળ્યો છે.

જે બદલ એમનો આભાર. 50 Western Road, Leicester. LE3 0GA Mobile: 07836 327 700 તેમજ જી. એ.એ. વોઈસ લીફલેટ માટે પ્રિન્ટીંગ કોસ્ટ માટે £60 ડોનેશન The Trophy Parlour, 56 Want Street, Leicester. LE4 5BS Tel: 0116 268 2791 (શ્રી ઉપેશ) તરફથી મળ્યા છે. સા સ્વીકાર

**£100 ડોનેશન મળ્યુ સા. સ્વીકારઃ**

ગં.સ્વ. રેવાબેન (ગંગાબેન) પરસોત્તમ પરમાર તરફથી સમાજનાં મકાનફંડ માટે £100 ડોનશન મળ્યુ છે. સા. સ્વીકાર.

Received £100 donation from Mrs. Revaben (Gangaben) Parsottam Parmar for our bulding project with thanks.

**નોંધઃ - સરનામુ બદલાયું હોય તો જણાવો.**

ઘણાં સભ્યોનાં સરનામાં બદલાતાં હોય છે. પણ મંડળને જાણ કરતાં નથી જેથી પત્રિકા જુના એડ્રસેથી પાછી આવે છે. અને તમારૂં જુનું અડ્રેસ મંડળના રેકોર્ડ પરથી કાઢી નાંખવામાં આવે છે. જેથી તમારી વચ્ચે અને મંડળ સાથેનો કોન્ટેકટ રહેતો નથી જેથી સરનામું બદલાયુ હોય અથવા ફોન નંબર બદલાયો હોયતો મંડળને તરત જાણ કરો. અને ઈ-મેઈલ એડ્રેસ પણ જણાવો.

NOTE: if you have changed your address please let us know your new address & Telephone Number and E-mail so we can keep our mailing list upto date.

**અવસાન નોંધઃ** Community Member Passed Away.

૧. નરોત્તમભાઈ ત્રિકમભાઈ પરમારનાં ધર્મપત્નિ રતનબેન (કીકીબેન) ૮૨ વર્ષની ઉંમરે તા. ૬.૧૨.૨૦૧૦ ના રોજ દેવલોક થયા છે. એમના પુણ્યાર્થે £૫૧.૦૦ ડોનેશન એમના પરિવાર તરફથી મળ્યુ છે. સા. સ્વીકાર.

Shri. Narottambhai Trikambhai Parmar’s wife Mrs. Ratanben (Kikiben) passed away at the age of 82 years on 6.12.2010 £51 donation received from her enire family with thanks.
12 Huggett Close, Leicester, LE4 7PY
Tel: 0116 266 7144

૨. શ્રી ભીખુભાઈ ગાંડાભાઈ પરમાર તા. ૩૧.૧૨.૨૦૧૦ ના રોજ ૮૩ વર્ષની ઉંમરે દેવલોક થયા છે. એમના પુણ્યાર્થે £૫૧.૦૦ ડોનેશન એમના પરિવાર તરફથી મળ્યુ છે.
સા. સ્વીકાર.

Mr. Bhikhubhai Gandabhai Parmar passed away at the age of 83 years on 31.12.2010. £51 donation received from his family with thanks
10 Kincaple Road, Leicster. LE4 7YD
Tel: 0116 256 8347

ઉપરોકત સદગત્નાં આત્માને દયાળુ પ્રભુ ચિરઃ શાંતિ આપો. ૐ શાંતિ....શાંતિ....શાંતિ

May their souls, rest in eternal peace forever.
“Om Shanti.....Shanti.......Shanti.”

Dear gnati brother, sister, children and elders.

**OUR NEW HALL AT 97 HILDYARD ROAD**
We have pleasure in enclosing the plans of alterations we intend to do to the premises. This requires us going through various planning and city council permissions. We are in the final processes of obtaining the planning permissions after carrying out various expensive surveys, which are necessary to comply with the building and planning regulations. We hope that this process will be completed soon. We need substantial funds to make it possible to carry out the alterations needed to make the hall into an attractive modern function hall.

**This hall will be pride for our community. Your committee seeks full cooperation and support in this project. Your donations and take up of the shares in GAA (Leicester) Limited to support the fund- raising will be most appreciated.** Volunteers, committee members and trustees will be visiting you at your homes to accept your kind donations or share applications. Please support them fully.

**G.A.A. SPORTS AND SOCIAL CLUB**
This is our club and we should all support it fully by visiting with your family and supporting it. Drinks are already sold at discounted competitive prices.

**GAA VOICE**
With the help of a voluntary committee and lots of efforts from them a newsletter GAA VOICE has been enclosed. We are targeting young readers who cannot read Gujarati and would like to participate in the various activities of your community.

**AVAILABILITY OF THE HALL FOR BAARMU, TERMU OR FOR KHICCHDI**
Our hall is available only for our community and for a maximum of four hours. This facility is subject to the hall being available. A nominal fee of £101 is chargeable to cover the costs of overheads.

**ELDERLY DAY GROUP ACTIVITIES AT OUR HALL**
Having received number of requests to start an elderly day group, the committee has decided to start this activity on a once a month basis. If anyone is interested in using the facility or would like to assist in its running, then you are kindly requested to contact our secretary as soon as possible. Sooner we have the desired number of participants then sooner we can commence this activity. In the beginning any donations towards running this Group will also assist it financially.

Your suggestions for what activities you would like to have in this group will also be appreciated.

**APPRECIATION OF PRAKASH NAVINBHAI RATHOD**
Prakash Navinbhai Rathod is a very enthusiastic and keen member of our community His assistance in the design, publishing and printing of the GAA Voice is being greatly appreciated. Prakash is the director of his own business Prestige Colour Solutions Limited of St Matthews Business Centre, Unit 14 , Gower Street, Leicester LE1 3LJ – 0116-2513232 (email prestige.cs@btconnect.com Please contact our committee members named in the newsletter for your contribution to the contents of this GAA Voice

**MAHASABHA DIWALI PROGRAMME** will be held at Ramgarhia Hall, Leicester on Sunday 13th November 2011. Further details will appear in the Mahasabha Newsletter.

**TO LET: FIRST FLOOR 97 HILDYARD ROAD, LEICESTER.**
Commercial factory unit on the first floor of our new community centre at 97 Hildyard Road, Leicester has just been vacated. Any prospective tenants are requested to contact our secretary urgently.

**DIRECTORY UPDATE-** Any additions or amendments to your entry the directory should be forwarded as soon as possible to Narendra G Surti of 40 Brambling Way, Oadby, LE2 5PA (TEL: 0116-2122032) EMAIL: narendrasurti@hotmail.com

**APPRECIATIONS**
Our trustee Jagdishbhai Ramjibhai Champaneri is actively involved in the construction responsibility of the new building. Printing cost of the two colour pictures of the building project has been paid for by Jag Construction (Leicester) Limited of 50 Western Road, Leicester, LE3 0GA.

A contribution of £60 towards the printing cost of GAA Voice has been received from Upesh of The Trophy Parlour, 56 Wand Street, Leicester, LE4 5BS (TEL 0116-2682791); We thank them for their continued support.

# FORTHCOMING EVENTS

## ડીનર એન્ડ ડાન્સ પ્રોગ્રામ

શનિવાર તા. ૧૧/૦૬/૨૦૧૧ ના રોજ સાંજે ૮.૦૦ વાગ્યા થી સમાજનાં હોલમાં ડીનર એન્ડ ડાન્સનો ભવ્ય પ્રોગામનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ફેમસ ડી.જે. ગ્રુપ રાખેલ છે. તેમજ વેજ - નોન વેજ ભોજન આપવામાં આવશે.
ટીકીટ ફકત £10 રાખેલ છે. અને ડીસ્કાઉન્ટ રેઈટથી ડ્રીંક પણ મળશે.
આ શાનદાર પ્રોગ્રામમાં આવવા માટે તમારી ટીકીટ અત્યારથી જ મેળવી લેવા વિનંતી છે.

# *Dinner Dance Programme*

## on Saturday 11th June 2011 at 8.00pm

G.A.A. are holding a **Dinner & Dance Programme** at **our Community Centre** on **Saturday 11th June 2011** at **8.00pm** onward, with Famous DJ Group and will provide a vegetarian and non-vegetarian.
**Ticket Price £10 only** and also for late drinks you will receive discount from our pub.
Please book your tickets in advance to avoid any dissapointment.

**FOR TICKETS PLEASE CONTACT:**
**Mukesh Bulsara Mobile: 0787 7925 496 • Bachubhai 266 4866 • G.A.A. Club 261 1793**
**Vijay Rathod 266 6575 • G.K. Supermarket 276 8242**

## પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે - શ્રી સત્યનારાયણ સમૂહકથા અને શિવપૂજાઃ-

સમાજનાં હોલમાં રવિવાર તા. ૩૧.૦૭.૨૦૧૧ રોજ સવારે ૮.૩૦ વાગ્યાથી પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શ્રી સત્યનારાયણ સમૂહકથા તેમજ શિવપૂજાનો ધાર્મિક કાર્યક્રમ રાખ્યો છે. આ ધાર્મિક લાભ લેવા સૌને વિનંતી છે.
શિવ અભિષેક તેમજ સત્યનારાયણ કથામાં યજમાન માટે £11 ડોનેશન લેવામાં આવશે.
જેથી યજમાન તરીકે બેસવા માટે આપના નામો વેળાસર લખાવો.
નામો લખાવા માટે ઉષાબેન ચૌહાણ-૨૭૬૨૫૫૩, ઈન્દુબેન ચૌહાણ ૨૯૧૯૩૨૪, ઈન્દુબેન રાઠોડ ૨૮૬૬૭૨૮, મુકેશ બલસારા ૨૪૧૨૩૦૩, કથા અને પૂજા બાદ ભોજન પ્રસાદી આપવામાં આવશે.
ભોજન પ્રસાદી માટે દાન લખાવા સૌને વિનંતી છે.

## સત્યનારાયણ કથા અને શિવ અભિષેક માટે નીચેની વસ્તુ લાવવા વિનંતી છે.

સત્ય નારાયણની કથા અને શિવપુજન માટે બધો પુજાપો આપવામાં આવશે. પરંતુ યજમાને ફળ. ફુલ, પાન, સોપારી નાળિયેલ, થાળી, લોટો, શિવ, ગણપતિની મુર્ત્તિ સત્યનારાયણ ફોટો, બેસવાનું આસન, વિ. લાવવાનું રહેશે.
૧૧.૦૦ પાઉન્ડ બે યજમાન બેસવા માટે તેમજ વધુ રકમ આપનાર યજમાન મુખ્ય યજમાન ગણાશે.
£11 donation for two Yajman and whoever donate big amount will be the main Yajman.

# *Shri Satyanarayana Katha and Shiv Abhishek*

In holy month sharvan we are going to perform Shri Satyanarayana Katha and Abhishek in **our Community Centre** on **Sunday 31.07.2011** at **8.30am** onwards.
Anyone who would like to join in this religious ceremony please forward your name.
£11 donation will take from each yajman. After this Puja Bhojan Prasadi will be served.

*A kind request to all our devotee please donate generously.*

**નોરી નોમ - વરડું + રોટલાનો પ્રોગ્રામઃ**
**રવિવાર ૭.૦૮.૧૧ બપોર ૧૨.૩૦ વાગ્યાથી સાંજે ૩.૩૦ વાગ્યા સુધી.**

સમાજના હોલમાં વરડું રોટલાનો કાર્યક્રમ રવિવાર તા. ૭.૦૮.૧૧ સવારે ૧૨.૩૦ વાગ્યા થી રાખેલ છે. જેમણે ભાગ લેવો હોય તેમણે પોતાના નામો ૦૨/૦૮/૧૧ ઓગષ્ટ સુધીમાં નીચે મુજબ ફોન કરી નોંધાવા વિનંતી છે. જેથી વેળાસર વરડું પલારવાની વ્યવસ્થા થઈ શકે.

ભાગ લેવા માટે નીચે મુજબ ફોનથી નામ લખાવો
ઈન્દુબેન ચૌહાણ - ૨૯૧૯૩૨૪, ઉષાબેન ચૌહાણ ૨૭૬૨૫૫૩, મુકેશ બલસારા ૨૪૧૨૩૦૩, ઈન્દુબેન રાઠોડ ૨૮૬૬૭૨૮.

**Nori-Nom - Vardu & Rotla Programme:**
**Sunday 7th August 2011 at 11.00am**

We have arranged Nori-Nom programme at our Community Centre on Sunday 7th August 2011 at 12.30pm to 3.30pm. Anyone who would like to join please forward your name in advance, so that we can prepare food in time.

Please contact:

Induben on 2919324 or

Ushaben 2762553 or

Mukesh Bulsara 2412303 Mobile: 0787 7925 496 or Induben Rathod 286 6728

**નોરી નોમ - વરડું + રોટલા માટે ઉમદા દાન**

શ્રી અશોકભાઈ ઠાકોરભાઈ ચૌહાણ ફેમીલી અને ગં.સ્વ. જયોત્સનાબેન રમણભાઈ પરમાર તરફથી £101 નું દાન, નોરીનેમ વરડું રોટલાના પ્રોગ્રામ માટે મળ્યુ છે. સાભાર સ્વીકાર

**Nori-Nom - Vardu & Rotla Pro. Donation**

£101 received donation for Nori-Nom Vardu & Rotla programme with thanks. From Shri Ashokbhai Thakorbhai Chauhan family and Mrs. Jyotshnaben Ramanbhai Parmar, thank you very much for this generious donation.

**શ્રાધ્ધ નિમિત્તે ભજન કાર્યક્રમઃ (છુટું શ્રાધ્ધ)**
**રવિવાર તાઃ ૧૮.૦૯.૨૦૧૧ સાંજે ૭.૩૦ વાગ્યાથી**

ફરી એકવાર સમાજના હોલમાં શ્રાધ્ધ નિમિત્તે ભજન પ્રોગ્રામનું આયોજન રવિવાર તા. ૧૮.૦૯.૨૦૧૧ સાંજે ૭.૩૦ વાગ્યાથી પ્રભુ ભજનની રમઝટ બોલાવવામાં આવશે. જેમણે પિતૃઓના ફોટા મુકવા હોય તેઓએ ફોટા લઈ આવવા વિનંતી છે. જાણીતી ભજન મંડળી દ્વારા ભજનની ધૂન બોલાવવામાં આવશે જેથી મોટી સંખ્યામાં સૌને પધારવા વિનંતી છે. ભજન પ્રોગ્રામ માટે ડોનેશન આવકાર્ય છે.

**SHARADH BHAJAN PROGRAMME:**
**Sunday 18th September 2011 at 7.30pm**

Bhajan will start 7.30pm with famous Bhajan Group. Please bring along with you photograph of your Late Parents or Late Grand-Parents, who wants to place the photograph at the shrine, everyone is welcome. Donation for this programme is always welcome.

**સમાજનો નવરાત્રિ મહોત્સવ ૨૦૧૧**

**નવરાત્રિ પ્રોગ્રામ :**
બુધવાર તા. ૨૮.૦૯.૨૦૧૧ થી
ગુરુવાર તા. ૦૬.૧૦.૨૦૧૧ સુધી દરરોજ સાંજે ૭.૩૦ વાગ્યા થી
**આઠમ આરતી અને હવન :**
મંગળવાર તા. ૦૪.૧૦.૨૦૧૧
**હવન** સમય સવારે ૮.૩૦ વાગ્યાથી
હવનમાં બેસવા - યજમાનો એ લાવવાની વસ્તુઃ
ગણપતિ મુર્તિ, માતાજીની મુર્તિ, ન હોયતો સોપારી ચાલશે. તાંબાનો લોટો, પુજન માટે થાળી-૨ ફળ, ફુલ સાત પાન, નાળીયેલ, બેસવાનું આસન.
**દશેરા :** ગુરુવાર તાઃ ૦૬.૧૦.૨૦૧૧, ૭.૩૦ વાગ્યાથી
**શરદ પુનમ :**
મંગળવાર ૧૧.૧૦.૨૦૧૧ સાંજે ૭.૩૦ વાગ્યાથી
**ટીકીટના ભાવ ફકત £1**

## Navratri Festival 2011

NAVRATRI PROGRAMME :
Wednesday 28th September 2011 till
Thursday 6th October 2011 at 7.30 pm

AATHAM HAVAN & EVENING AARTI:
Tuesday 4th October 2011
Havan Time at 8.30am

DASHERA
Thursday 6th October 2011 at 7.30pm

SHARAD POONAM:
Tuesday 11th October 2011 at 7.30pm

TICKETS ONLY £1 PER PERSON

**નવરાત્રિ ૨૦૧૧ માટે માતાજી માટલી સ્થાપન ડોનેશન**

શ્રીમતિ તરૂલતાબેન પ્રવિણભાઈ પ્રભુભાઈ બોધાણી તરફથી £51 માતાજીની માટલી સ્થાપન માટે ડોનેશન નોંધાયુ છે. સાભાર સ્વીકાર.

Navratri 2011 - Mataji Matli's Donation £51

£51 donation will get from Mrs Tarultaben Pravinbhai Prabhubhai Bodhani, for 2011 Navratri Mataji's Matli Mandap. Many thanks to Bodhani family for their generious donation.



**દિવાળી પ્રોગ્રામઃ રવિવાર તાઃ ૦૬.૧૧.૨૦૧૧ ૧૧ વાગ્યાથી**

મંડળનો દિવાળી પ્રોગ્રામ રવિવાર તા ૦૬.૧૧.૨૦૧૧ નાં રોજ સવારે ૧૧ વાગ્યાથી હોલમાં રાખવામાં આવેલ છે. મિષ્ટાન ભોજનની સાથે બાળકોની કલ્ચરલ આઈટેમો રજુ કરવામાં આવશે. જે બાળકો આઈટેમો રજુ કરવાના હોય તેઓએ વેળાસર કલ્ચરલ સેક્રેટરીનો સંપર્ક કરી તમારી એન્ટરી મેળવી લેવા વિનંતી છે. ટીકીટનાં ભાવ ફકત £5.00 રાખેલ છે. તેમજ ટીકીટો નવરાત્રિ દરમ્યાન વેચવામાં આવશે. ટીકીટો અગાઉ પ્રમાણેનાં સ્થળોએથી પણ મળશે.

**Diwali Programme:**
**on Sunday 6th November 2011 at 11am**

Diwali Programme will be held on 06.11.2011 at 11.00am Vegetarian dinner will be served Tickets £5.00, who ever wants to take part in our Cultural Programme please do contact our Cultural Secretary.







**ન્યુ ઈયર ઈવ પ્રોગ્રામઃ શનિવારે ૩૧.૧૨.૧૧**

ઈ.સ. ૨૦૧૨ ના વર્ષને આવકારી ફરી એકવાર ન્યુ ઈયર ઈવનો શાનદાર પ્રોગ્રામ સમાજનાં હોલમાં શનિવાર તા. ૩૧.૧૨.૨૦૧૧ સાંજે ૮.૦૦ વાગ્યાથી (૭.૩૦ વાગે ડોર ખુલશે) રાખવામાં આવેલ છે. વેજ + નોનવેજ ત્રણ કોષ ડીનર પીરસવામાં આવશે. શાનદાર મ્યુઝીકલ ગ્રુપ અથવા ડી. જે. નો કાર્યક્રમ રાખવામાં આવશે. તેમજ રાફલ ડ્રો નો પણ સમાવેશ હશે, ટીકીટનાં દર ફકત £૧૮ એક ખુરસી રોકનાર માટે છે. આપને જરૂરી ટીકીટો વેળાસર નીચેના સ્થળોએથી લઈ લેવા વિનંતી છે.

**For Tickets Please contact:**
**Mukesh Bulsara: 07877 925 496**
**Bachubhai Chauhan: 0116 266 4866**
**G.A.A. Club: 0116 261 1793**
**Vijay Rathod's: 0116 266 6575**
**G.K. Supermarket: 0116 276 8242**

વધુ માહીતી માટે શ્રી ચીમનભાઈ ચાંપાનેરીઆ અથવા મુકેશ બલસારાનો સંપર્ક કરો.

**New Year's Eve Dinner & Dance:**
**on Saturday 31st December 2011**

This year G.A. A. are holding the New Year's Eve Dinner & Dance on Saturday 31st Decmeber 2011 at our G.A.A. Hall. Tickets are £18.00 per person with Veg & Non-Veg 3 course meal. You are requested to purchase the tickets in advance as only first come first serve basis only, available from the above distributors and are also in Navratri and Diwali Programme. For further inquiry please contact Chimanbhai Champaneria or Mukesh Bulsara.